# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
# ઝોનલ કચેરી, ભાવનગર

## ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચનાં

ભાવનગર ક્ષેત્રીય કચેરી માટે 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ માટે પ્રિન્ટીગનું કામ કરતા સંબંધિત કોન્ટ્રાકટરો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર આ સાથે સામેલ છે જે નીચેની સુચના મુજબ ભરી મોકલવુ.

૧. ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી શેડયુલ 'અ' માં દર્શાવેલ વિગત મુજબ 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ ના ભાવ શેડયુલ 'બ' માં ભરવાના રહેશે.

૨. **ભરેલ ભાવ કવરમાં** સીલ બંધ પેક કરી અત્રેની કચેરીને રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ થી પહોચાડવાનાં રહેશે.

૩. નીચે મુજબના દસ્તાવેજોની વાંચી શકાય તેવી નકલોમાં અરજી સાથે બીડવાના રહેશે. તમામ દસ્તાવેજો સીલ બંધ કવરમાં પેક કરી કવર ઉપર " 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ " અને કોન્ટ્રાકટરનું નામ દર્શાવાનું રહેશે.

- ટેન્ડર માંગણીની અરજી જેની નકલ આ સાથે ભાગ–અ માં સામેલ છે.
- એસ.ટી.નંબર/ ટીન નંબર ભાવ સાથે દર્શાવવાના રહેશે.
- સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ ભાવ સાથે બીડવાની રહેશે.
- કોન્ટ્રાકટરના PAN કાર્ડની નકલ.
- ટેન્ડર ફી ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ અથવા પૈસા ભર્યાના પહોંચની નકલ.
- ઈ.એમ.ડી.ની રકમ ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ અથવા પૈસા ભર્યાના પહોંચની નકલ.

૪. ટેન્ડર ફી અથવા ઈ.એમ.ડી. ભર્યા વગરનાં ટેન્ડર રદ કરવામાં આવશે.

૫. ઉપરોકત ક્રમ–૩ માં જણાવેલા દસ્તાવેજો પૈકી અધુરા દસ્તાવેજો કે ઈ.એમ.ડી.ની રકમના ડીમાન્ડ ડ્રાફટ વગરના ટેન્ડર સ્વીકારવાની કે નહી સ્વીકારવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

૬. તમામ દસ્તાવેજો સીલ બંધ કવરમાં પેક કરી કવર ઉપર " 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ " માટેના ભાવ અને કોન્ટ્રાકટરનું નામ, સરનામું, મોબાઈલ નંબર દર્શાવાનું રહેશે. ટેન્ડરના ભાવ રજી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ દવારા જ સ્વીકારવામાં આવશે. રૂબરૂ અથવા કુરીયર દવારા મોકલાવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહીં.

૭. ટેન્ડર માહિતીમાં જણાવેલ તારીખ સુધીમાં આવેલ ટેન્ડરો દર્શાવેલ તારીખે ખોલવામાં આવશે (શકય હશે તો).

૮. ટેન્ડરમાં જણાવેલ તારીખ પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવા કે નહી રાખવાની સત્તા અત્રેની કચેરીને રહેશે.

પીજીવીસીએલ કોઈપણ કે બધા ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની સત્તા અબાધીત રાખે છે.

આપનો વિશ્વાસુ

અધિક્ષક ઈજનેર
પીજીવીસીએલઃ ઝોનલ કચેરી
ભાવનગર

Paschim Gujarat Vij Co. Ltd

PGVCL

Zonal Office,
Old Power House compound
Chavdi Gate, Bhavnagar.

# TENDER
# FOR
# SUPPLY OF
# E GRAM RECEIPTS

# પશ્ચિમ ગુજરાત વિજ કું. લી.

ક્ષેત્રીય કચેરી, ભાવનગર.

**ટેન્ડર નોટીસ નં. બીઝેડ / ટેક/ ટેન્ડર–૪/૧૧ –૧૨**

ભાવનગર ક્ષેત્રીય કચેરી માટે પ્રિન્ટીગનું કામ કરતા સંબંધિત કોન્ટ્રાકટરો પાસેથી સીલબંધ કવરમાં અલગ ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમાંક | વિગત | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | રૂા. ૩,૫૦,૦૦૦/– |
| ૨ | ટેન્ડર ફી (પરત ન કરવાને પાત્ર) | રૂા ૫૦૦/– |
| ૩ | બાનાની રકમ (ઈ.એમ.ડી) | રૂા. ૩,૫૦૦/– |
| ૪ | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ / સમય | ૦૬-૦૨-૧૨/૧૮–૧૦ ક. |
| ૫ | ટેન્ડર ખોલવાની તારીખ / સમય (શકય હશે તો) | ૦૭-૦૨-૧૨/૧૨–૦૦ ક. |
| ૬ | સીકયોરીટી ડીપોઝીટ | ૧૦ % ઓર્ડર કીમતનાં |
| ૭ | સમય મર્યાદા | વધુમાં વધુ ૯૦ દિવસ / જરૂરીયાત મુજબ |

ટેન્ડર ફી તથા બાનાની રકમ(ઈ.એમ.ડી) રાષ્ટ્રીયકૃત/શેડયુલ્ડ બેન્કનાં ડીમાન્ડ ડ્રાફટથી (પી.જી.વી.સી.એલ. ની તરફેણમા) ભાવો સાથે ભરવાની રહેશે અથવા અત્રેની કચેરીએ ઓફીસ સમય દરમ્યાન રોકડેથી ભરી શકાશે.

ટેન્ડર પુરી વિગતો સાથે ભરી રજીસ્ટર્ડ પોસ્ટ/ સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ટેન્ડરના કવર ઉપર 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ પ્રિન્ટ કરવા માટેનું ટેન્ડર" તેમ દર્શાવવાનું રહેશે.

ટેન્ડર મેળવવા માટેની અરજી

રવાનાઃ

__________________________

__________________________

____________________

તારીખઃ

પ્રતિશ્રી,
અધિક્ષક ઈજનેર
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
ઝોનલ કચેરી,
**ભાવનગર.**

વિષયઃ 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ પ્રિન્ટ કરવા માટેનાં ટેન્ડર બાબત.
સંદર્ભઃ ટેન્ડર નોટીસ નં. બીઝેડ / ટેક/ ટેન્ડર–૪/૧૧ – ૧૨

––––––––––

માનનીય સાહેબશ્રી,

જય ભારત ઉપરોકત વિષયના અનુસંધાને આપની સમાચાર પત્રમાં આવેલ જાહેરાતના અનુસંધાને 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ પ્રિન્ટ કરવા માટેનું કામ કરવા માંગુ છું, આ સાથે જરૂરીયાત મુજબના નીચેના દસ્તાવેજો બીડેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | એસ.ટી.નંબર/ ટીન નંબર ની નકલ. | |
| ૨ | સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ . | |
| ૩ | કોન્ટ્રાકટરના PAN કાર્ડની નકલ. | |
| ૪ | ટેન્ડર ફી ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ. | બેન્ક________________ <br> નં.________તારીખઃ________ |
| ૫ | ઈ.એમ.ડી.ની રકમ ભરવા માટેનો ડીમાન્ડ ડ્રાફટ. | બેન્ક________________ <br> નં.________તારીખઃ________ |

ઉપરોકત બાબતો ને ધ્યાનમાં લઈ મને ટેન્ડર આપવા નમ્ર વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

મોબાઈલ નં. ____________________ __________________________

બીડાણઃ ઉપર મુજબ

# શેડયુલ–અ

## કામની વિગત

| | | |
|---|---|---|
| ૧) | પેપર : | એ–૪ સાઈઝ પેપર. |
| ૨) | સાઈઝ : | એ–૪ સાઈઝ પેપર (૨૧૦ × ૨૯૭ એમ.એમ.), ૭૫ જીએસએમ, કોપી પાવર–બેલારપુર |
| ૩) | જથ્થો : | ૧૦,૦૦,૦૦૦/– ફોર્મ્સ |

પ્રિન્ટીંગ કામની ગોઠવણી :

(૧) નમુના મુજબ એક કલરમાં (બ્લ્યુ) પ્રિન્ટીંગ કરવાનું રહેશે. પીજીવીસીએલ નો લોગો બેકગ્રાઉન્ડમાં (વોટર ઈમેજ) તરીકે પ્રિન્ટ કરવાનું રહેશે.

(૨) નમુના મુજબ દરેક પાના ઉપર સીરીયલ નંબર પ્રિન્ટ કરવાનાં રહેશે અને દરેક રીસીપ્ટમાં પ્રિન્ટ કરવાની રહેશે. જે અંગેની માહિતી અમારી ક્ષેત્રિય કચેરીએથી ઉપલબ્ધ થશે.

(૩) પ્રીન્ટેડ રીસીપ્ટ કોપી પાવરના ઓરીજનલ બોક્ષમાં (૫,૦૦૦ નંગ) ૧૦૦૦ ના બંડલ બાંધી સક્ષમ રીતે પેક કરી બોક્ષમાં પાંચ પેકેટ અલગ અલગ જથ્થામાં પેક કરી આપવાના રહેશે. બોક્ષ વગરના છુટક પેકીંગ સ્વીકારવામાં આવશે નહીં.

(૪) બોક્ષ પર સીરીયલ નંબર દર્શાવવાના રહેશે, સ્પષ્ટ વંચાય તેવા બોલ્ડ લેટરમાં અન્યથા બોક્ષ સ્વિકારવામાં આવશે નહિ.

# શેડયુલ – બ

'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ પ્રિન્ટ કરવાનું કામ.

| અનુ ક્રમ | વિગત | જથ્થો | ૧,૦૦૦ નંગના ભાવ | વેટ% | કુલ ૧,૦૦૦ નંગનો વેટ | કુલ ભાવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર ઝોનલ કચેરી માટે 'ઈ' ગ્રામ પંચાયત માટે રીસીપ્ટ એક કલરમાં પ્રિન્ટ કરી સપ્લાય કરવાનું કામ. (નમુના મુજબ) | ૧૦,૦૦,૦૦૦ ફોર્મ્સ | | | | |

નોંધ : શરતી ભાવ સ્વીકાર્ય નથી.

**કોન્ટ્રાકટરની સહી.**

___________________________

કોન્ટ્રાકટરનું સરનામુ :

ફોન નં. :–

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
# ઝોનલ કચેરી, ભાવનગર

## શેડયુલ–સી

## ટેન્ડરની શરતો

'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ માટે પ્રિન્ટીંગનું કામ રાખવા અંગે સામાન્ય શરતો નીચે મુજબ છે. જે કોન્ટ્રકટરે નીચે સહી કરી શેડયુલ–બ સાથે જોડવાનું રહેશે.

૧. વિવાદ થાય તેવા કિસ્સામાં ન્યાય ક્ષેત્ર ભાવનગર રહેશે.

૨. આપેલ ભાવોમાં ટેક્ષ વગરના ભાવ અને ટેક્ષ અલગથી બતાવવાનાં રહેશે.

૩. 'ઈ' ગ્રામ રીસીપ્ટ શેડયુલ અ– માં દર્શાવેલ સ્પેસીફીકેશન મુજબ પ્રિન્ટ કરવાની રહેશે.

૪. એસ.ટી. નંબર / ટીન નંબર ધરાવતા કોન્ટ્રાકટરો પાસેથી જ ભાવ માંગવામાં આવે છે. ભાવ સાથે આપનો એસ.ટી.નંબર / ટીન નંબર સ્પષ્ટપણે દર્શાવવાનો રહેશે.

૫. ભાવ સાથે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ હોવું જરૂરી છે. સેલ્સટેક્ષ સર્ટીફીકેટ વગરનાં ભાવો સ્વીકાર્ય નથી.

૬. શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહીં.

૭. ઓફીસ કામકાજના સમય દરમ્યાન અત્રેની કચેરીએ નમૂનો જોઈ શકાશે.

૮. આપેલ ભાવો સીલ બંધ કવરમાં અત્રેની કચેરીએ રજીસ્ટર એ.ડી. / સ્પીટ પોસ્ટ થી દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

૯. સીલ બંધ કવરમાં પેક કરી કવર ઉપર " 'ઈ' ગ્રામ પંચાયત રીસીપ્ટ " માટેના ભાવ અને કોન્ટ્રાકટરનું નામ, સરનામું, મોબાઈલ નંબર દર્શાવાનું રહેશે.

૧૦. પ્રિન્ટીંગ કાર્ય પૂર્ણ થયે, આપનું બીલ ત્રણ નકલમાં ક્ષેત્રિય કચેરીમાં મોકલવાનું રહેશે. જેનું ચુકવણું એસ.બી.આઈ. ઉપરનાં એકાઉન્ટ પેયી ચેકથી કરવામાં આવશે.

૧૩. ઓર્ડરની સમયમર્યાદા – જરૂરીયાત મુજબ વધુમાં વધુ <u>૯૦ દિવસની</u> રહેશે.

૧૪. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ઘ્વારા ગમે ત્યારે કારણ દર્શાવ્યા વગર ઓર્ડર રદ કરવાની સત્તા નીચે સહી કરનાર દવારા અબાધિત રાખવામાં આવે છે.જેનાં માટે કોન્ટ્રાકટર કોઈ વાંધો ઉઠાવી શકશે નહીં.

૧૫. કોઈપણ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૧૬. ૧૦ % સીકયોરીટી ડીપોઝીટ પેટે ભરેલ રકમ કોન્ટ્રકટર અધુરુ કામ છોડી જતો રહે અથવા અન્ય શરતોનો ભંગ કરતો જણાશે તો તે જપ્તીને પાત્ર છે.

૧૭. ઉપરોકત પ્રિન્ટીંગ કામ કરવામાં વિલંબ થશે તો કંપનીના ધારાધોરણ મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે. અસાધારણ કારણોસર મોડું થશે તો મુદત વધારી આપવા માટે અરજી મળ્યે વિચારણા કરવામાં આવશે.

૧૮. લઘુ ઉદ્યોગ ધરાવતી પાર્ટીએ લઘુઉદ્યોગ સર્ટીફીકેટની કોપી નોટરાઈઝ નકલ આપવાની રહેશે.

૧૯. પ્રિન્ટીંગ તથા નંબરીંગ શરૂ કરતાં પહેલાં ઝોનલ ઓફીસનાં રેવન્યુ વિભાગનાં અધિકારી પાસે પ્રિન્ટીંગ તથા નંબરીંગ એપ્રુવ કરાવવાનાં રહેશે.

૨૦. પ્રીન્ટેડ રીસીપ્ટ બોક્ષમાં (૫,૦૦૦ નંગ) ૧૦૦૦ ના બંડલ બાંધી સક્ષમ રીતે પેક કરી બોક્ષમાં પાંચ પેકેટ અલગ અલગ જથ્થામાં પેક કરી આપવાના રહેશે. બોક્ષ વગરના છુટક પેકીંગ સ્વીકારવામાં આવશે નહીં.

૨૧. જરૂરીયાત અને સ્પેશીફીકેશન મુજબનું મટીરીયલ આપવામાં નહીં આવે તો કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

૨૨. બોક્ષ પર સીરીયલ નંબર દર્શાવવાના રહેશે. સ્પષ્ટ વંચાય તેવા બોલ્ડ લેટરમાં અન્યથા બોક્ષ સ્વિકારવામાં આવશે નહીં.

૨૩. સીરીયલ નંબર માંજ બોક્ષ સપ્લાય કરવાનાં રહેશે. સીરીયલ નંબરના બ્રેક થતા બોક્ષ સ્વીકારવામાં આવશે નહિ.

ઉપરોક્ત શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે.

કોન્ટ્રાકટરનું નામ :– ______________________________

સરનામું :– ______________________________

______________________________

કોન્ટ્રાકટરનો મોબાઈલ નં. :– ______________________________

______________________________

કોન્ટ્રાકટરની સહી